સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade A by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ ) ૨૧૪


નં જોડાણ/પા/૧૬૯૦/૨૦૧૮

તા.૭-૧૨-૨૦૧૮

સંદર્ભ :- જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, રાજકોટ ના પત્રાંક નં. જે/એમએજી/બ્લુ વ્હેલ/જા.નામું/
ફા.નં.૨૮/૨૦૧૭/૪ તા. ૩૦-૧૦-૨૦૧૮

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે હાલ બ્લુવહેલ ગેમ/ બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે જેવી ગેમોથી યુવાનો અને બાળકો આત્મહત્યા કરવા માટે પ્રેરિત થાય છે આવી દુષ્પ્રેરીત ગેમોનો ભોગ કોઈ યુવાન કે બાળકો ન બને તેના માટે જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, રાજકોટ દ્વારા તા. ૩૦-૧૦-૨૦૧૮ થી જાહેરનામું બહાર પાડેલ છે. જેનો સમયગાળો તા. ૪-૧૧-૨૦૧૮ થી તા.૦૩-૦૧-૨૦૧૯ સુધી જાહેરનામું અમલમાં રહેશે તેમ જણાવેલ છે. આ બાબત વિદ્યાર્થીઓના ધ્યાન પર મુકવા અને કોલેજના નોટીસ બોર્ડ પર હુકમ ની નકલ પ્રસિદ્ધ કરવાની રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

બિડાણ :- સંદર્ભિત પત્રની નકલ
(મુસદો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

સહી/-
(ડૉ.ધીરેન પંડ્યા )
કુલસચિવ

રવાના કર્યું

નાયબ કુલસચિવ
જોડાણ વિભાગ

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિતિ તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
૨. પ્રતિ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જીલ્લા જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, રાજકોટ

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)

-:: સી.આર.પી.સી. કલમ–૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૩૭ હેઠળનું જાહેરનામુ ::-

નં.જે/એમએજી/બ્લુ વ્હેલ/જા.નામુ/ફા.નં.૨૮/૨૦૧૭/૪૨

જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી,
રાજકોટ.
તા.૩૦/૧૦/૨૦૧૮

જાહેરનામું:-

સરકારશ્રીના ગૃહવિભાગ,ગાંધીનગરના ઈ–મેઈલથી તથા વિવિધ સમાચાર માધ્યમથી અમારા ધ્યાન ઉપર આવેલ છે કે બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે નામોથી સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તથા ઈન્ટરનેટના વિવિધ કોમ્યુનિકેશન પ્લેટફોર્મના ઉપયોગ કરી કયુરેટર એડમિનિસ્ટ્રેટર બનીને યુવાનોને આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરવામાં આવી રહયા છે.ઉપરોકત ગેમ/ચેલેન્જના ભાગ રૂપે કયુરેટર/એડમિનિસ્ટ્રેટર દ્વારા આપેલ ક્રમશઃ સુચનાઓના અંતે આત્મહત્યા કરવા માટે પ્રેરિત કરવામાં આવે છે.

જેથી હું,**પી.બી.પંડયા,અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ,** ફોજદારી કાર્યરીતી અધિનિયમ –૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ના કાયદાની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ હેઠળ મળેલ સતા હેઠળ રાજકોટ જિલ્લામાં જાહેર સલામતિ અને સુરક્ષાને લક્ષમાં રાખી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર એવા કોઈપણ પ્લેટફોર્મ (બ્લુ વ્હેલ ગેમ/બ્લુ વ્હેલ ચેલેન્જ વિગેરે) મારફતે કયુરેટર/એડમિનિસ્ટ્રેટર ના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા એવી ગેમ/કોમ્યુનિકેશનમાં ભાગ લેવા કે તેમા મદદરૂપ થવા પ્રતિબંધિત કરવામાં આવે છે. સાથોસાથ જે પણ વ્યકિતને રાજકોટ જિલ્લામાં કોઈપણ અન્ય વ્યકિત એવી ગતિવિધીમાં ભાગ લે છે, તે ધ્યાને આવે તો નજદિકના પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછા સમયમાં મૌખિક કે લેખીત જાણ કરવાની ફરજ કરવામાં આવે છે.

<u>અપવાદ:</u>– ગુનાના તપાસની કામગીરી અને શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ જાહેરનામું લાગુ પડતું નથી.

-: વિસ્તાર :-

આ જાહેરનામું પોલીસ કમિશનરશ્રી,રાજકોટ શહેર,રાજકોટની હકુમત સિવાયનો સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લાનો વિસ્તારમાં લાગુ પડશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમ સને–૧૮૬૦ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:: સમયગાળો ::-

આ જાહેરનામું આજ <u>તા.૦૪/૧૧/૨૦૧૮ થી તા.૦૩/૦૧/૨૦૧૯</u> સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટના નોટીસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી તેમજ સરકારી ગેઝેટમાં પ્રકાશીત કરાવી પ્રસિધ્ધી કરવામાં આવશે.

આજ તારીખ :– ૩૦મી માહે:– ઓકટોબર – <u>૨૦૧૮ ના રોજ</u> મારી સહી તથા કચેરીનો સિકકો લગાડી હુકમ બહાર પાડયો.

(પી.બી.પંડયા)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જીલ્લા,રાજકોટ.

<u>નકલ જયભારત સાથ રવાના :</u>

૧. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરિક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૩. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગુજરાત રાજય, ગાંધીનગર.
૪. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
૫. પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેર, રાજકોટ.
૬.પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.(૩૦ નકલ)
(આ હુકમની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા અને તેમ કર્યાના પંચનામા આપના રેકર્ડ પર રાખવા સારૂ.)
૭. નિયામકશ્રી, માહિતિ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૮. જીલ્લા સરકારી વકીલશ્રી, રાજકોટ.
૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
(ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો મોકલવાની વિનંતી સાથે.)
૧૦. રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
૧૧. નામ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ.
૧૨. નામ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ફર્સ્ટ કલાસ, ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જસદણ / પડધરી/કોટડા સાંગાણી/જામ કંડોરણા.
૧૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર–૧/રાજકોટ શહેર–૨/ રાજકોટ ગ્રામ્ય / જસદણ / ગોંડલ / ધોરાજી
૧૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોંડલ / જેતપુર.
૧૫. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ પુર્વ / રાજકોટ પશ્ચિમ / રાજકોટ દક્ષિણ / રાજકોટ તાલુકા / જસદણ / વીછીયા / લોધીકા / કોટડાસાંગાણી / ગોંડલ / જેતપુર / ધોરાજી / ઉપલેટા / જામકંડોરણા / પડધરી.
૧૬. પોલીસ ઈન્સ્પેકટરશ્રી .....................(તમામ) (પોલીસ અધિક્ષકશ્રી ,રાજકોટ ગ્રામ્ય મારફત)
પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.

O.I.G.S.

૧૭. સંયુકત માહિતિ નિયામકશ્રી, રાજકોટ.
...સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૮.<u>રજીસ્ટ્રારશ્રી,સૌરાષ્ટ્ર યુનીવર્સીટી,યુનીવર્સીટી રોડ,રાજકોટ.</u>
૧૯.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,આલ્ફ્રેડ હાઈસ્કુલ,રાજકોટ.
૨૦.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત,રાજકોટ.
૨૧.શાસનાધિકારીશ્રી,રાજકોટ મહાનગર પાલીકા શિક્ષણ સમિતી,કરણપરા ચોક,રાજકોટ.

ડીસ્પેચ કલાર્ક,
કલેકટર કચેરી
રાજકોટ.

...ક્રમ ૧૮,૧૯,૨૦ અને ૨૧ પર જણાવેલ અધિકારીશ્રીઓને જણાવવાનું કે સરકારશ્રીનાતા.૦૪/૦૧/૧૮ ના ઈ–મેઈલના પત્રની નકલ આ સાથે સામેલ છે જેમાં થયેલ સુચનાઓ અનુસાર બ્લુવ્હેલ ગેમથી યુવાઓ અને બાળકો દુર રહે તે માટે સ્થાનીક શાળાઓમાં વાલીઓ સાથે બેઠક યોજવામાં આવે તથા બાળકો આ દુષણનો ભોગ ન બને તે માટે જાગૃતીના જરૂરી પગલા લેવામાં આવે.
૧૮.શાખાધ્યક્ષશ્રી, રજીસ્ટ્રી શાખા, કચેરીમાં
ઉકત જાહેરનામાના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક જયુડીશીયલ શાખામાં પહોંચતી કરવા સારૂ.
૧૯.સીલેકટ ફાઈલે.

360001 05 11 2018 5AFE 00227146
Rs 5.00 INDIA POSTAGE